પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર . ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
E-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક :G/CP/વિ.શા./પરીક્ષા/જાહેરનામું/૩૬૦૦ /૨૦૨૧ તારીખ:૩૦/૦૭/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૨૧ ના રોજ ક.૧૧/૦૦ થી ૧૩/૦૦ દરમ્યાન ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ-૩ ની પ્રિલીમીનરી પરીક્ષા કુલ-૩૬ કેન્દ્રો ઉપર લેવામાં આવનાર છે. જે સ્કુલો / હાઇસ્કુલોમાં લેવામાં આવનાર કેન્દ્રોની યાદી નીચે મુજબ છે. આ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરરીતિઓ ન થાય, પરિક્ષાર્થીઓ નિર્ભયતાથી પરિક્ષા આપી શકે, તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ પરિક્ષા મુકત ન્યાયી અને સરળ સંચાલન માટે અને પરિક્ષામાં ગેરરીતિઓ અટકાવવા પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, સંયુકત સચિવ શ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી.)ના પત્ર ક્રમાંકઃસીસીઇ-૧૬૮૫-૨૦૨૦(૫)-ઇ-એકસ-૨, તા.૨૩/૦૭/૨૦૨૧ અન્વયે જે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૨૦ નીચેની પેટા કલમ-(૧) નીચે બહાર પાડવામાં આવેલ છે અને જેનું પુનરાવર્તન ગુજરાત સરકારના ગૃહ વિભાગના તાઃ૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબરઃ૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ. માં થયેલ છે. જેમાં વડોદરા શહેરના પોલીસ કમિશ્નરશ્રી, અધિક પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓને એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ તરીકે જાહેર કરવામાં આવેલ છે. તેમજ તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ ના અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે. તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાં તાઃ૦૧/૦૮/૨૦૨૧ ના રોજ ક.૧૦/૦૦ થી ક.૧૪/૦૦ સુધી નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**-: કૃત્યો :-**

વડોદરા શહેરમાં જે-જે કેન્દ્રો (સ્કુલ / હાઇસ્કુલ) માં પરિક્ષા લેવાનાર છે જે-તે પરિક્ષા કેન્દ્રોની શાળાઓના પરિક્ષા ખંડની અંદર તાઃ૦૧/૦૮/૨૦૨૧ ના કલાક.૧૦:૦૦ થી ૧૪:૦૦ સુધી પરીક્ષા કેન્દ્રની અંદર કોઇ પણ વ્યકિતએ સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન, મોબાઇલ ફોન,વાયરલેસ સાહિત્ય વિગેરે લઇ જવા ઉપર, કે, ઇલેકટ્રોનીક ઉપકરણો લઇ જવા ઉપર પ્રતિબંધ ફરમાવવામા આવે છે. તેમજ પરીક્ષા કેન્દ્રની બહાર આજુ-બાજુમા ૧૦૦-મીટરના અંતરમા પરીક્ષા દરમ્યાનમા ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવુ નહી, તથા પરીક્ષા કેન્દ્રની બહાર ૧૦૦ મીટરના અંતરમા ઝેરોક્ષ મશીન ચાલુ રાખી શકશે નહી, કે લાઉડ સ્પિકર વગાડી શકશે નહી

**-: વિસ્તાર :-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના વિસ્તારમા આવેલ તમામ પરિક્ષા કેન્દ્રની શાળાઓ/ હાઇસ્કુલની વિગત નિચે મુજબ છે.

**એનેક્ષર-એ**

**ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ-૦૩ પ્રિલીમીનરી પરીક્ષા**

| અ.નં | (શાળા/કોલેજ) પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું | પો.સ્ટે. |
|---|---|---|---|
| ૧ | પંચશીલ વિદ્યાલય | આઇ.વી.એ.મોલ, માંજલપુર, વડોદરા | માંજલપુર |
| ૨. | ડોન બોસ્કો હાઇસ્કુલ | આકાશવાણી મકરપુરા વડોદરા | માંજલપુર |
| ૩. | ન્યુ ઇરા હાઇસ્કુલ | નોવિનો બેટરી મકરપુરા વડોદરા. | મકરપુરા |
| ૪. | શ્રી પી.એમ.યાદવ માધ્યમિક વિદ્યાલય | કલ્પનાનગર મકરપુરા વડોદરા. | મકરપુરા |
| ૫. | ઉમા વિદ્યાલય | સોમાનાથનગર તરસાલી વડોદરા. | મકરપુરા |
| ૬. | શ્રેયસ વિદ્યાલય ( અંગ્રેજી મીડીયમ ) | માંજલપુર વડોદરા. | માંજલપુર |
| ૭. | શ્રેયસ વિદ્યાલય ( ગુજરાતી મીડીયમ ) | માંજલપુર વડોદરા. | માંજલપુર |
| ૮. | મહાત્મા ગાંધી વિદ્યાલય | માંજલપુર વડોદરા. | માંજલપુર |
| ૯. | સ્ટેલા મેરી સ્કુલ | માજલપુર વડોદરા. | માંજલપુર |
| ૧૦ | જય અંબે વિદ્યાલય | શિવમ સોસા. માંજલપુર વડોદરા. | માંજલપુર |

Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| ૧૧ | વિધુત બોર્ડ ( ગુજરાતી માધ્યમ ) | જુના પાદરા રોડ વડોદરા. | ગોત્રી |
| ૧૨ | વિધુત બોર્ડ ( અંગ્રેજી માધ્યમ ) | જુના પાદરા રોડ વડોદરા. | ગોત્રી |
| ૧૩ | એચ.એસ.પટેલ હાઇસ્કુલ | વિશ્વામીત્રી મુજમહુડા વડોદરા. | રાવપુરા |
| ૧૪ | વિધ્યાકુંજ હાઇસ્કુલ | વિશ્વામીત્રી મુજમહુડા વડોદરા. | રાવપુરા |
| ૧૫ | શારદા મંદિર હાઇસ્કુલ | સલાટવાડા વડોદરા. | કારેલીબાગ |
| ૧૬ | મહારાણી કન્યા વિધાલય (અંગ્રેજી માધ્યમ) | દાંડીયાબજાર વડોદરા. | રાવપુરા |
| ૧૭ | મહારાણી ગર્લ્સ વિધાલય ન્યુ બિલ્ડીંગ | સુરસાગર વડોદરા. | રાવપુરા |
| ૧૮ | સયાજી બોઇઝ હાઇસ્કુલ | ઘડીયાળીપોળ, માંડવી વડોદરા. | વાડી |
| ૧૯ | શ્રી નારાયણ વિધાલય | વૃન્દાવન સો. સંગમ ચાર રસ્તા હરણી રોડ | વારસીયા |
| ૨૦ | સાધુ વાસવાણી વિધામંદિર | એરપોર્ટ ન્યુ વી.આઇ.પી.રોડ વડોદરા. | વારસીયા |
| ૨૧ | રઘુકુલ વિધાલય | સ્નેહલ પ્રિન્ટીંગ પ્રેસ ન્યુ વી.આઇ.પી.રોડ | બાપોદ |
| ૨૨ | બરોડા હાઇસ્કુલ | બગીખાના પોલોગ્રાઉન્ડ વડોદરા. | નવાપુરા |
| ૨૩ | શ્રેયસ વિધાલય, | પોલોગ્રાઉન્ડ વડોદરા | નવાપુરા |
| ૨૪ | નવજીવન વિધાલયત | પોલોગ્રાઉન્ડ બગીખાના વડોદરા | નવાપુરા |
| ૨૫ | ન્યુ હોરીઝોન હાઇસ્કુલ | સિધ્ધનાથ મહાદેવ માર્કેટ ચાર રસ્તા | નવાપુરા |
| ૨૬ | ગુરૂકુલ વિધાલય | હરણી વારસીયા રીંગરોડ કિશનવાડી | બાપોદ |
| ૨૭ | ગુરૂકુલ વિધાલય | હરણી વારસીયા રીંગરોડ કિશનવાડી | બાપોદ |
| ૨૮ | વિધ્યા મંદિર વિધાલય | હરણી વારસીયા રીંગરોડ કિશનવાડી | વારસીયા |
| ૨૯ | પરીવાર હાઇસ્કુલ ( ગુજ માધ્યમ) | મહાવીર હોલ, આજવારોડ વડોદરા | પાણીગેટ |
| ૩૦ | સરદાર વલ્લભભાઇ વિધાલય | નવજીવન રામપાર્ક આજવારોડ વડોદરા | બાપોદ |
| ૩૧ | હેવન વિધાલય | વૃન્દાવન બસ સ્ટેન્ડ પાસે વાઘોડીયારોડ | બાપોદ |
| ૩૨ | શ્રી અંબે વિધાલય, ( ગુજ માધ્યમ) | બાપોદ જકાતનાકા વાઘોડીયારોડ વડોદરા. | બાપોદ |
| ૩૩ | સ્વામી વિવેકાનંદ વિધાલય | મહેશ કોમ્પ પાસે પરીવાર ચારરસ્તા | પાણીગેટ |
| ૩૪ | બરોડા પબ્લીક સ્કુલ | કાન્હા ગોલ્ડ એપાર્ટમેન્ટ પાસે ડીમાર્ટ વાઘોડીયા રોડ | પાણીગેટ |
| ૩૫ | ઉમિયા વિધાલય | ડભોઇ વાઘોડીયા રીંગ રોડ વડોદરા | પાણીગેટ |
| ૩૬ | શ્રી વલ્લભ વિધા મંદિર | શ્રી વલ્લભ વિધા મંદિર | પાણીગેટ |

**-: અપવાદ :-**

**આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામા આવે છે.**

પરીક્ષા ફરજમા રોકાયેલ ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી.) ના અધિકૃત અધિકારીઓ પોતાની વિધીસરની ફરજો દરમ્યાન ફોનનો ઉપયોગ કરી શકશે.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ ઇન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

હું આથી આદેશ આપું છું કે.આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડસ્પીકર સાથેના વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :30 -જુલાઇ-૨૦૨૧ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

Scanned with CamScanner

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી

Scanned with CamScanner